# પ્રવૃત્તિદર્શન

– સંકલન

- ‘બાળ વિશ્વવિદ્યાલય’ના માન્ય વિદ્યાનગર ‘કલરવ હાઈસ્કૂલ, દાહોદ’ દ્વારા ૨ થી ૪ ડિસેમ્બર દરમિયાન જૈન ટ્રસ્ટ, પાવાગઢ ખાતે રાષ્ટ્રીય કક્ષાનો ‘Second National Convention On Students Quality Control Circle’ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશ-વિદેશના આ ક્ષેત્રના વક્તાઓ, દેશભરની ૪૫ જેટલી શાળાઓના ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ ૨૦૦ જેટલા શિક્ષકો સાથે ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કાર્યકર્તાઓ પણ જોડાયા હતા અને કાર્યક્રમમાં દેશભક્તિનાં ગીતો રજૂ કર્યાં હતાં. કાર્યક્રમના સમાપન સમારોહમાં ‘બાળ વિશ્વવિદ્યાલય’ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે મુખ્ય અતિથિપદેથી વિષયાનુરૂપ પ્રેરક વક્તવ્ય આપતાં ‘બાળ વિશ્વવિદ્યાલય’ની પ્રવૃત્તિઓથી ઉપસ્થિત સૌને પરિચિત કરાવ્યા હતા.




- દિ. ૩-૧૨-૨૦૧૨ ના રોજ બાળ વિશ્વવિદ્યાલય દ્વારા કાર્યરત તપોવન કેન્દ્ર, રૂપાલની બાળ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી તેમજ અન્ય હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ મુલાકાત લીધી હતી. મુલાકાત ટાણે પી.એચ.સી.ના ડૉક્ટર, આયુષ ડૉક્ટર, તપોવનના કાઉન્સેલર બહેન, આશા વર્કર્સ, આંગણવાડી બહેનો તેમજ ૭૦ જેટલી સગર્ભા બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે કુલપતિશ્રી અને અન્ય મહાનુભાવોએ પ્રેરક અને માર્ગદર્શક વાતો કરી હતી. તેમજ તપોવનનાં પરિણામરૂપ જન્મેલા સ્વસ્થ અને આનંદી બાળકોની માતાઓએ ધન્યભાવે પોતાના અનુભવો વર્ણવ્યા હતા.



- ‘ગુજરાતી સાહિત્ય પરિષદ’ના મહામંત્રી અને સાહિત્યકાર શ્રી રાજેન્દ્ર પટેલે ‘બાળ વિશ્વવિદ્યાલય’ની દિ. ૧૦-૧૨-૧૨ના રોજ મુલાકાત લીધી હતી અને વિવિધ પ્રવૃત્તિઓથી અવગત થયા હતા. તેઓશ્રીએ બાળ સાહિત્યલેખનની પ્રવૃત્તિઓ વધારવાની હિમાયત કરી હતી.
- દિ. ૦૪-૧૨-૧૨ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના શાસનાધિકારીશ્રી તેમજ અન્ય હોદ્દેદારો ‘બાળ વિશ્વવિદ્યાલય’ની મુલાકાતે આવ્યા હતા અને વિવિધ પ્રવૃત્તિઓની માહિતી મેળવી વર્તમાન પ્રવાહોમાં એની આવશ્યકતા સ્પષ્ટ કરી હતી.

- શેઠશ્રી ભીખાભાઈ હાઈસ્કૂલ અને એમ. બી. પટેલ સાર્વજનિક હૉસ્પિટલ, ઈસનપુર મોટા, તા.જિ. ગાંધીનગરના આમંત્રણથી 'બાળ વિશ્વવિદ્યાલ'ના કુલપતિશ્રીએ આ સંસ્થાઓની મુલાકાત લઈ સંસ્થાના ટ્રસ્ટીઓ, કાર્યકર્તાઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમક્ષ જીવનવિકાસ અને સર્વાંગી કેળવણીની પ્રેરક વાતો કરી હતી. તેમજ હૉસ્પિટલમાં ચાલતી તબીબી સારવાર અને સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી.



- 'બાળ વિશ્વયાત્રા' અંતર્ગત ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૦ (૧)માં ધોરણ-૬ ના વર્ગમાં સંશોધનાત્મક શૈક્ષણિક કાર્યની શરૂઆત દિ. ૨૧-૧૨-૧૨ થી થઈ. 'બાળ વિશ્વવિદ્યાલય'ના નિયામકશ્રી ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયાના માર્ગદર્શન અને પ્રો. કો-ઓર્ડિનેટર શ્રી મમતાબહેન શર્માના આયોજન મુજબ કામકાજના દિવસો દરમિયાન રોજના એક કલાક સંશોધન અર્થે વિવિધ વિષયોનું શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે.



- 'બાળ વિશ્વવિદ્યાલય'ના માન્ય વિદ્યાનિકેતન 'પુરુષાર્થ શૈક્ષણિક સંકુલ, ભાણવડ'માં દિ. ૩૦-૧૨-૨૦૧૨ના રોજ 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિશ્રી તેમજ અન્ય કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીલક્ષી પ્રેરક પ્રવૃત્તિઓ કરાવી હતી. આ પ્રસંગે યોજાયેલા વાલી સંમેલનમાં કુલપતિશ્રીએ તેમજ તર્પણાબહેને પ્રેરક વક્તવ્યો આપ્યાં હતાં અને 'બાળ વિશ્વવિદ્યાલય'ની પ્રવૃત્તિઓ અને ખાસ કરીને તપોવન પ્રોજેક્ટ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. બપોર પછીના સત્રમાં શિક્ષક-પ્રશિક્ષણ યોજાયું હતું જેમાં ભાણવડ તાલુકાના ૬૦ થી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

